**જિલ્લા કક્ષાના માન્ય ઉચ્ચતર માધ્યમિક શાળાના શૈક્ષણિક તથા બિનશૈક્ષણિક સંઘોના હોદેદારોને ખાસ પ્રાસંગિક રજા આપવા અંગે.**

ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગ
પરિપત્ર ક્રમાંક : ઉમશ–૧૨૮૪–૧૭૭૨૯–ગ–૧,
સચિવાલય, ગાંધીનગર તા. ૨–૧– ૮૭

**વંચાણમાં લીધા :** (૧) સરકારના સા. વ. વિભાગના તા. ૩–૮–૭૭ ના ઠરાવ ક્રમાંક : કમમ–૧૦૭૭–ક

(૨) ગુજરાત રાજ્ય ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સંઘ મહામંડળનો તા. ૪–૮–૮૬ નો જાવક ક્રમાંક : ૧૧૧/૮૫–૮૬

**ઠરાવ :–** ગુજરાત રાજ્ય ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સંઘ મહામંડળના આમુખ (૨) માં દર્શોલ તા. ૪–૮–૮૬ ના પત્રથી જિલ્લા કક્ષાના માન્ય ઉચ્ચતર માધ્યમિક શાળાના સંઘના

હોદેદારો ને ખાસ પ્રાસંગિક રજા આપવા અંગે સરકારમાં રજુઆત કરવામાં આવી હતી. આ રજુઆત વિચારણામાં લઈ જિલ્લા કક્ષાનતી માન્ય ઉચ્ચતર માધ્યમિક શાળાના શૈક્ષણિક/ બિનશૈક્ષણિક કર્મચારીઓના માન્ય મંડળો/ સંઘોના હોદેદારોને રાષ્ટ્રીય રાજય કે જિલ્લા કક્ષાએ સેમિનાર (પરિષદ) તેમજ મંડળ/ સંઘને લગતી બેઠકો (પરિષદ) અને બીજી પ્રવૃતિઓમાં હાજરી આપવા આખા અંગ્રેજી કેલેન્ડર વર્ષમાં વધુમાં વધુ દસ(૧૦) દિવસની ખાસ પ્રાસંગિક રજા નીચે દર્શાવેલ શરતોને આધીન રહીને મંજૂર કરવાનુ ઠરાવવામાં આવે છે. આ પ્રકારની રજાઓ જે તે શિક્ષક/ કર્મચારીને સામાન્ય પ્રાસંગિક રજા મંજૂર કરવાની સતા ધરાવતા શાળના આચાર્યશ્રી અથવા સંચાલક મંડળે મંજૂર કરવી અને આ બાબતે મતભેદ પડે તો જે તે જિલ્લાના જિલ્લા શિક્ષણાધિકારીનો નિર્ણય છેવટનો ગણાશે

(૧) આ પ્રકારની ખાસ પ્રાસંગિક રજા ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રીએ માન્ય કર્યો હોય તેવા જ જિલ્લા કક્ષાના / સંઘોના હોદેદારોને મળવાપાત્ર થશે.

(૨) કોઈપણ હોદેદારોને એકી સાથે જુદા જુદા માન્ય મંડળો/ સંઘોમાં એક કરતાં વધુ હોદા પર હોય છતાં પણ તેને આખા અંગ્રેજી વર્ષમાં (૧૦) દસ દિવસથી વધુ ખાસ પ્રાસંગિક રજા મળી શકશે નહિ.

(૩) કોઈપણ હોદેદારોને જે તે વર્ગના કર્મચારીઓની નોકરી અંગેના પ્રશ્નોની ચર્ચા કરવા માટે ખાસ પ્રાસંગિક રજા આપવામાં આવશે નહિ, પરંતુ તે પરિષદ કે સેમિનાર માત્ર શૈક્ષણિક હેતુ માટે હોય તો જ ખાસ રજા મંજૂર કરવામાં અ ાવશે.

(૪) કોઈપણ હોદેદારોને મંડળના કામે બેન્કમાં જવા માટે, હિસાબો તૈયાર કરવા ઓડિટ તૈયાર કરાવવા મંડળનુ લવાજમ ઉઘરાવવા તથા મંડળની ચૂંટણી અંગેની કામગીરી પૂરી કરવા કે શાળાના સમય બાદ પણ હાથ ધરી શકાય તેવી અન્ય કોઈ પ્રવૃતિઓ માટે આ સવલતને આધારે ખાસ પ્રાસંગિક રજા મળવાપાત્ર થશે નહિ.

ગુજરાત રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(સહી) મ. દિ. પંડયા,**
સેકશન અધિકારી, શિક્ષણ વિભાગ